सत्यमेव जयते

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૬/૦૫/૨૦૨૦

## //અધિસૂચના//

**ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૫૧૬/બ૧**

ગુજરાત જાહેર સેવા આયોગના તા.૧૩/૦૩/૨૦૨૦ ના પત્ર ક્રમાંક: આરટીસી/૨૦૧૭/ ૨૭૧૩/ભાગ-૨/આર-૫થી જાહેરાત ક્રમાંક: ૩૯/૨૦૧૮-૧૯ અન્વયેની પ્રોગ્રામ અધિકારી, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧ની જગ્યા માટે આયોગ દ્વારા ૦૪ ઉમેદવારોના નામની ભલામણ કરવામાં આવેલ છે, જે અન્વયે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ તેઓને તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે અજમાયશી પ્રોગ્રામ અધિકારી (વર્ગ-૧) તરીકે વિગતવાર નિમણૂક આપવામાં આવે છે:

| ક્રમ | ઉમેદવારનું નામ | મેરીટ ક્રમાંક | કેટેગરી | હોદ્દો અને નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ક્રિષ્નાકુમારી નાનુસિંહ પટેલ | ૧ | સામાન્ય | પ્રોગ્રામ અધિકારી, નર્મદા |
| ૨ | જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવે | ૨ | સામાન્ય | મદદનીશ નિયામક, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર |
| ૩ | મિનલ વિજયકુમાર વાળા | ૩ | સામાન્ય | પ્રોગ્રામ અધિકારી, ગાંધીનગર |
| ૪ | અલ્પા સુરેશભાઈ સોલંકી | ૪ | સામાન્ય | મદદનીશ નિયામક, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર |

૨. ઉક્ત અજમાયશી પ્રોગ્રામ અધિકારીની નિમણૂક નીચેની શરતોને આધીન રહેશે.

**શરતો:**

(૧) સંબંધિત ઉમેદવારે આ અધિસૂચનાની તારીખથી ૩૦ દિવસની મુદતમાં તેમની નિમણૂકની જગ્યાએ હાજર થવાનું રહેશે. હાજર થવામાં વધુ મુદત જરૂરી જણાય તો જરૂરી કારણો સહિત મુદત વધારા અંગે લેખિત રજૂઆત મહિલા અને બાળ વિકાસ વિભાગને કરવાની રહેશે. મંજુર કરવામાં આવેલ મુદત

વધારા બાદ પણ જો કોઈ ઉમેદવાર નિમણૂકની કચેરી ખાતે હાજર થવામાં નિષ્ફળ જશે તો તેઓના નિમણૂકના હુકમો રદ કરવામાં આવશે.

(૨) તેઓની આ નિમણૂક ઉપર કોલમ-પમાં જણાવેલ જગ્યાએ હાજર થયાની તારીખથી બે વર્ષની મુદત માટે અજમાયશી ધોરણે કરવામાં આવે છે. અજમાયશી મુદત દરમ્યાન પ્રોગ્રામ અધિકારી (વર્ગ-૧)ના રૂ.૫૬૧૦૦/- થી ૧૭૭૫૦૦/- ના પગારધોરણમાં ન્યૂનત્તમ તબક્કે તથા નિયમાનુસાર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે. અજમાયશી / તાલીમની સમગ્ર મુદત દરમ્યાન કોઈ ઈજાફો મળવાપાત્ર થશે નહિ. અજમાયશી મુદત સંતોષકારક રીતે પૂરી થયે તેમને નિયમિત ધોરણે પ્રોગ્રામ અધિકારી તરીકે નિમણૂક આપતા હુકમો કરાશે. જે હુકમો થયા બાદ જ તેમને સામાન્ય દરે ઈજાફો આપવામાં આવશે.

(૩) અજમાયશી સમય દરમ્યાનની તેમની સેવા સંતોષકારક નહિ જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી તેમની નોકરીનો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમયની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે. જરૂર જણાયે અજમાયશી સમયની મુદત વધારવામાં આવશે, જેના અલગ હુકમ કરાશે.

(૪) તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૧/૬૯ અને તા.૧૨/૦૧/૭૦ના પરિપત્ર ક્રમાંક: પીએસી/૧૦૬૮/જી તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૯/૧૬ના ઠરાવ ક્રમાંક: વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૫૪૭/ગ.૨ની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત પ્રમાણપત્ર તથા ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧ મુજબ તબીબી પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાના રહેશે. આ પ્રમાણપત્રોમાં તેઓની વિરૂધ્ધ નહિ હોવાની શરતે તેમજ શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર બે મહિનામાં રજુ કરવાની શરતને આધીન રહીને તેમને તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે જ આ અજમાયશી નિમણૂક આપવામાં આવે છે. આ અંગેની લેખિત બાહેધરી તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતા પહેલાં તે જિલ્લાને તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને આ સાથે બિડેલ બાંહેધરીપત્રકમાં આપવાની રહેશે.

(૫) અજમાયશી અધિકારીએ પોતાના અજમાયશી મુદત દરમ્યાન બિન રાજયપત્રિત અધિકારી પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ ની જોગવાઇઓ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહેશે અને પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયત તકો અને નિયત સમયમર્યાદામાં પાસ કરવાની રહેશે. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ તથા પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા પાસ કર્યા બાદ જ તેઓને પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ સંવર્ગમાં નિયમિત રીતે નિમણૂક મળવાપાત્ર થશે.

જો તેઓ નિયમો હેઠળ ઠરાવેલી ઉક્ત પરીક્ષા નિયત તકમાં પાસ કરી શકશે નહિ તો તેમની સેવા કોઈપણ જાતની નોટીસ આપ્યા વિના સમાપ્ત કરવામાં આવશે, તે શરત કબૂલ મંજૂર છે તેમ જાણી સમજીને તેઓ નિમણૂક સ્વીકારે છે, તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતાં પહેલાં આ સાથે બીડેલ બાંહેધરી પત્રક મુજબ વિભાગને આપવાની રહેશે.

(૬) તેઓએ ગુજરાત મુલ્કી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર અજમાયશી સમય દરમિયાન સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમય દરમ્યાન જો તેઓ આ પરીક્ષા પાસ નહિ કરે તો તેઓનો નિયમાનુસાર અજમાયશી સમય લંબાવી શકાશે અને આ લંબાવેલ સમય દરમ્યાન પણ તેઓ જો આ પરીક્ષા પાસ નહિ કરે તો તેમની સેવા સમાપ્ત

કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પાસ કર્યે તેઓને સેવામાં પરત લેવામાં આવશે, તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતાં પહેલાં આ સાથે બિડેલ બાંહેધરીપત્રક મુજબ આપવાની રહેશે.

(૭) તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતી વખતે આ સાથે બિડેલ જામીનખતના નિયત નમૂનામાં લેખ / કરાર કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે તેઓ (ક) ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો કરી ન શકે અથવા (ખ) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય એ રીતે અજમાયશી નિયમોની જોગવાઈ પૈકી કોઈ જોગવાઈ પૂરી કરી ન શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિત મૂળ નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પુરી થયા પહેલા સેવા છોડી દે તો સરકારે તેઓને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે તેમની નિમણૂકને પરિણામે તેમની તાલીમની મુદત દરમ્યાન સરકારે ચુકવેલ પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુકત અને અલગ રીતે બંધાયેલા રહેશે, અને પરત કરવામાં નહી આવેલી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૮) તેઓએ સરકારશ્રીએ વખતો વખત ઠરાવેલા નિયમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને પરીક્ષાઓ પ્રવર્તમાન નિયમો અનુસાર પાસ કરવાની રહેશે.

(૯) તેઓએ હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:સીડીઆર/૧૧૮૬/યુઓ/૨૨૪૪/ગ.૨ મુજબ સોગંદ લેવડાવવાના રહેશે. તે મુજબ સોગંદ લીધા બાદ તેઓને હાજર કરશે.

(૧૦) ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત તેમની આ નિમણૂક અંગે હવે પછી જે શરતો લાગુ કરાય, તે શરતો પણ તેઓને બંધનકર્તા રહેશે.

(૧૧) સદરહુ નિમણૂક નામદાર હાઈકોર્ટમાં દાખલ થયેલ એસસીએ ૧૬૬૮૭/૨૦૧૯ (લક્ષ્મણભાઈ જી. ભરવાડ) તથા ૧૭૭૯/૨૦૨૦ (અશોકકુમાર કે. મકવાણા)ના આખરી ચુકાદાને આધિન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષા પટેલ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) સુશ્રી ક્રિષ્નાકુમારી નાનુસિંહ પટેલ, C/O એન.એન.પટેલ, નંદનવન સોસાયટી, દેવગઢ બારીયા, દાહોદ-૩૮૯૩૮૦. (BY RPAD)

(૨) સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવે, ૨૧/૨, ક્રિષ્ના બંગલો પાર્ટ-૨, આનંદ પાર્ટીપ્લોટ પાસે, પંચવતી બંગલો, ચાંદલોડીયા, અમદાવાદ-૩૮૨૪૮૧. (BY RPAD)

(3) મિનલ વિજયકુમાર વાળા, મંગલદીપ, માધવનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧. (BY RPAD)

(૪) સુશ્રી અલ્પા સુરેશભાઈ સોલંકી, C/O સુરેશભાઈ સોલંકી, ડી-૫૦૨, સ્વાગત એફોર્ડ, સરગાસણ ચાર રસ્તા નજીક, ગાંધીનગર-૩૮૨૪૨૧. (BY RPAD)

<u>નકલ જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે રવાના:-</u>

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.મંત્રીશ્રી (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(3) માન. રા.ક મંત્રીશ્રી (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
(૪) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
(૫) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૬) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૭) સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.................
(૮) વિભાગીય નાયબ નિયામકશ્રી, રાજકોટ/અમદાવાદ/વડોદરા/સુરત.
(૮) સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, જિ................
(૯) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
(૧૦) મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ.
(૧૧) સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ....................
(૧૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
(૧૩) નિવાસી લેખાધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૪) સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર વેબસાઇટ ઉપર મુકવા સારુ.
(૧૫) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
(૧૬) શાખા સિલેકટ ફાઇલ.